કાંકરિયામાં 5000 ટન કચરો નાંખનારને 5 કરોડના દંડની માંગ

SMCના કોન્ટ્રાક્ટર CD ટ્રાન્સપોર્ટ સામે ગંભીર આરોપો, પર્યાવરણને ગંભીર નુકસાન બદલ એજન્સી પાસેથી જ વળતર વસૂલવા રજૂઆત

સુરતઃ સુરત જિલ્લાના અંબિકા તાલુકાના મોજે કાંકરિયા ગામે સુરત મહાનગર પાલિકાના કોન્ટ્રાક્ટર સીડી ટ્રાન્સપોર્ટ એજન્સી દ્વારા અંદાજે 5000 ટનથી વધુ મ્યુનિસિપલ સોલિડ વેસ્ટનો ગેરકાયદે નિકાલ કરાતા સમગ્ર વિસ્તારના પર્યાવરણને ગંભીર નુકસાન પહોંચ્યું હોવાનો મુદ્દો હવે રાજ્ય સ્તરે ગુંજતો થયો છે. આ મામલે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રી દર્શન નાયક દ્વારા રાજ્યના વન-પર્યાવરણ, શહેરી વિકાસ વિભાગ તેમજ GPCB સહિતના ઉચ્ચ અધિકારીઓને વિગતવાર રજૂઆત કરવામાં આવી છે.

રજૂઆતમાં જણાવ્યા મુજબ, કાંકરિયા ગામે લાંબા સમયથી ચાલતી ગેરકાયદે વેસ્ટ ડમ્પિંગ પ્રવૃત્તિથી ગામના પર્યાવરણને, આજુબાજુના ખેતીવાડી વિસ્તારને, જમીન તથા ભૂગર્ભ જળને મોટું નુકસાન થયું છે. ડમ્પિંગ સ્થળ પરથી ભારે દુર્ગંધ ફેલાતી હોવાને કારણે સ્થાનિક લોકોના આરોગ્ય પર પણ અસર પડી રહી છે. આ સમગ્ર મામલે ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB) દ્વારા તપાસ કરવામાં આવી હોવાનો ઉલ્લેખ પણ રજૂઆતમાં કરવામાં આવ્યો છે. SMC દ્વારા કોન્ટ્રાક્ટરને માત્ર રૂ. 10 લાખનો દંડ ફટકારવામાં આવ્યો છે, જે ગંભીર પર્યાવરણીય નુકસાન સામે અપૂરતો હોવાનું રજૂઆતમાં જણાવાયું છે.

પર્યાવરણ સુરક્ષા અધિનિયમ, નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલના ચુકાદાઓ તથા GPCBના ધોરણોને ધ્યાનમાં રાખીને કાંકરિયા ગ્રામ પંચાયતને રૂ. 5 કરોડનું પર્યાવરણ નુકસાન વળતર ચૂકવવાની માંગ કરવામાં આવી છે. આ વળતર દોષિત એજન્સી સીડી ટ્રાન્સપોર્ટ પાસેથી જ વસૂલવામાં આવે તેવી પણ સ્પષ્ટ માંગણી કરાઈ છે. રજૂઆતમાં જણાવ્યા મુજબ, ગેરકાયદે ચૂકવણી મંજૂર કરનાર અને કોન્ટ્રાક્ટરને બચાવનાર SMCના તમામ જવાબદાર અધિકારીઓની જવાબદારી નક્કી કરી વિભાગીય તથા દંડકીય કાર્યવાહી થવી જોઈએ.

રૂ.100 કરોડના કામનું ટેન્ડર વિના વિસ્તરણ વિવાદાસ્પદ, મ્યુનિ. કમિ.ની ભૂમિકા તપાસવા માંગ

રજૂઆતમાં વધુમાં ગંભીર આરોપ કરવામાં આવ્યો છે કે ગેરકાયદે ડમ્પિંગમાં સંડોવાયેલી એજન્સીને નવા ટેન્ડર વિના અંદાજે રૂ.100 કરોડના કામનું ગેરકાયદે વિસ્તરણ આપવામાં આવ્યું છે. આ બાબતે સુરત મ્યુનિસિપલ કમિશનરે સ્ટેન્ડિંગ કમિટી સમક્ષ દરખાસ્ત મૂકી નિયમો, પારદર્શકતા અને લોકહિતનો ભંગ કર્યો હોવાનું જણાવાયું છે. આ મુદ્દે કમિશનરની ભૂમિકા અંગે તપાસ કરવાની માંગ ઉઠી છે.

એન્વાયરોમેન્ટ એક્ટ અને IPC હેઠળ ફોજદારી કાર્યવાહીની માંગ

આટલા મોટા પ્રમાણમાં અને લાંબા સમય સુધી થયેલું ગેરકાયદે ડમ્પિંગ એન્વાયરોમેન્ટ (પ્રોટેક્શન) એક્ટ, 1986ની કલમ 15, 16 અને 17 તેમજ IPC હેઠળ ફોજદારી જવાબદારીને આકર્ષે છે તેમ જણાવાઈ રહ્યું છે. આથી GPCB દ્વારા ફોજદારી કાર્યવાહી શરૂ કરવાની પણ માંગણી કરવામાં આવી છે.

અન્ય જિલ્લાઓમાં પણ ગેરકાયદે ડમ્પિંગની શંકા, વિસ્તૃત તપાસ જરૂરી

GPCB પાસે ઉપલબ્ધ પુરાવાઓ અનુસાર કાંકરિયા એકમાત્ર કેસ નથી. હાંસોટ, અંકલેશ્વર તાલુકા, નવસારી, બારડોલી, બલેશ્વર સહિતના વિસ્તારોમાં પણ ગેરકાયદે કચરા નિકાલના આરોપો છે. GPS ડેટા અને ટ્રાન્સપોર્ટ રેકોર્ડ આધારે રાજ્યસ્તરીય વિસ્તૃત તપાસ કરવાની માંગ ઉઠાવવામાં આવી છે.

VNSGUcex અંડર-૧૧ એથ્લેટિક્સ મીટનો પ્રારંભ

રાજ્યની વિવિધ શાળાઓની ૯૮૨ વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો

સુરતઃ વીર નર્મદ યુનિવર્સિટી ખાતે ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી-ગાંધીનગર દ્વારા 'અંડર-૧૧ એથ્લેટિક્સ મીટ સિઝન ૪.૦'નો પ્રારંભ થયો છે. આ સ્પર્ધામાં અંડર-૯ અને અંડર-૧૧ એમ બે વયજૂથમાં ભાઈઓ અને બહેનોની અલગ કેટેગરીમાં ૬૦ મી., ૧૦૦ મી., ૨૦૦ મી. અને ૪૦૦ મી. દોડ, હર્ડલ રેસ, ટેનિસ બોલ થ્રો, મેડિસિન બોલ થ્રો, સ્ટેન્ડિંગ બ્રોડ જમ્પ, લોંગ જમ્પ, હાઈ જમ્પ અને જેવલિન થ્રો જેવી ૧૧ રમતોનો સમાવેશ થાય છે. આ સિઝનના પ્રથમ દિવસે અંડર-૧૧ બહેનોની વિવિધ સ્પર્ધાઓમાં રાજ્યની વિવિધ શાળાઓની ૯૮૨ વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો.

આ પ્રસંગે VNSGUના કુલપતિ ડૉ. કિશોરસિંહ ચાવડાએ જણાવ્યું કે, દેશ જ્યારે ઓલિમ્પિક માટેની સઘન તૈયારીઓ કરી રહ્યું છે, ત્યારે ઓલિમ્પિક સ્તરના ખેલાડીઓને તૈયાર કરવાની દિશામાં અંડર-૧૧ એથ્લેટિક્સ મીટ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. વૈશ્વિક સ્પર્ધા માટે નાનપણથી જ યોગ્ય માર્ગદર્શન અને તક ઉપલબ્ધ કરાવવી અનિવાર્ય છે. જેના પરિણામે ભવિષ્યના પ્રતિભાશાળી ખેલાડીઓ તૈયાર થાય છે. આ પ્રસંગે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી કુલપતિ ડૉ. ટી એસ જોશી, એન. જે. ગ્રુપ કો-ફાઉન્ડર અને પ્રમોટર નીરજ ચોકસી સહિત મોટી સંખ્યામાં બાળકોએ ભાગ લીધો હતો.

સુરત જિલ્લા ભાજપ સંગઠનમાં મહામંત્રી પદ માટે ખેંચતાણ

નવા માળખામાં કોને સ્થાન મળશે અને કોનાં પત્તાં કપાશે, રાજકીય ગરમાવો

બારડોલીઃ સુરત જિલ્લા ભાજપના સંગઠન માળખાની જાહેરાત ઘડીઓ ગણાઈ રહી છે ત્યારે નવા માળખામાં કોને સ્થાન મળશે અને કોનાં પત્તાં કપાશે તેને લઈને રાજકીય ગરમાવો ચરમસીમાએ પહોંચ્યો છે. લાંબા સમયથી ચાલી રહેલી અસમંજસની સ્થિતિ વચ્ચે હવે સ્પષ્ટ સંકેતો મળી રહ્યા છે કે નવા સંગઠન પર પૂર્વ મંત્રી ગણપત વસાવા જૂથનું પ્રભુત્વ જોવા મળી શકે છે.

સૌથી વધુ ચર્ચા મહામંત્રીના પદને લઈને થઈ રહી છે. ખાસ કરીને બારડોલી વિધાનસભા વિસ્તારમાંથી બે યુવા અને સક્રિય ચહેરાઓ ભાવેશ પટેલ અને અંકુર દેસાઈનાં નામો મોખરે ચાલી રહ્યાં છે. પક્ષના આંતરિક વર્તુળો મુજબ આ બંને નેતાઓ પોતપોતાની રીતે મજબૂત દાવેદારી નોંધાવી રહ્યા છે. જોકે, આ જંગમાં જ્ઞાતિગત સમીકરણો અને ભૌગોલિક પ્રતિનિધિત્વ પણ મહત્ત્વનો ભાગ ભજવશે. સંગઠનમાં મહુવા વિસ્તારનું પ્રતિનિધિત્વ પણ નિર્ણાયક સાબિત થશે. જો પક્ષ દ્વારા મહુવામાંથી જિગર નાયકને મહામંત્રી તરીકે રિપીટ કરવાનો નિર્ણય લેવામાં આવે, તો બારડોલીનાં સમીકરણો બદલાઈ શકે છે.

ત્રીજા મહામંત્રી તરીકે ચોર્યાસી વિધાનસભામાંથી આવી શકે એવી પ્રબળ સંભાવના છે. તો ગણપત વસાવાના મત વિસ્તારમાંથી પણ મહામંત્રી બનાવવામાં પણ ખેંચતાણ ચાલી રહી છે. હાઈકમાન્ડ જૂના જોગીઓને સાચવશે કે નવા ચહેરાઓને તક આપશે તે જોવું રહ્યું. માત્ર મહામંત્રી જ નહીં, પરંતુ ઉપપ્રમુખ અને મંત્રી જેવા પદો માટે પણ ભાજપના અનેક સ્થાનિક નેતાઓ લાઈનમાં છે. દરેક જૂથ પોતાના સમર્થકોને સંગઠનમાં ગોઠવવા માટે એડીચોટીનું જોર લગાવી રહ્યું છે.

આગામી થોડા જ દિવસોમાં પ્રદેશ નેતૃત્વ દ્વારા આખરી મહોર માર્યા બાદ સુરત જિલ્લા ભાજપનું નવું માળખું જાહેર કરી દેવામાં આવશે. હાલ તો જિલ્લાના રાજકારણમાં કોણ ઇન અને કોણ આઉટ તેની ચર્ચાઓએ જોર પકડ્યું છે અને કાર્યકરોમાં ઉત્તેજનાનો માહોલ છે.

ભેસ્તાન રેલવે સ્ટેશને ત્રણ ટ્રેનના સમયમાં ફેરફાર

સુરતઃ મુસાફરોની સુવિધાને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવે દ્વારા ભેસ્તાન રેલવે સ્ટેશન પર કેટલીક ટ્રેનોના સ્ટોપેજના સમયમાં તાત્કાલિક અસરથી સુધારો કરવામાં આવ્યો છે. પશ્ચિમ રેલવે દ્વારા જાહેર કરાયેલી વિગતો મુજબ ત્રણ ટ્રેનના સ્ટોપેજ સમયમાં ફેરફાર કરાયો છે. પશ્ચિમ રેલ્વેએ મુસાફરોને મુસાફરી પહેલાં ટ્રેનોના અપડેટેડ સમયપત્રકની માહિતી મેળવી લેવા સૂચના આપી છે.

» ટ્રેન નં. 22971 બાંદ્રા ટર્મિનસ » પટના સુપરફાસ્ટઃ ભેસ્તાન સ્ટેશન પર અગાઉ 22:53/22:55નો સ્ટોપેજ હતો, જે હવે 22:53/22:58 કરવામાં આવ્યો છે.

» ટ્રેન નં. 19051 વલસાડ » મુઝફ્ફરપુર એક્સપ્રેસઃ આ ટ્રેનનો ભેસ્તાન સ્ટેશન પર સ્ટોપેજ સમય 22:53/22:55ના બદલે હવે 22:53/22:58 રહેશે.

» ટ્રેન નં. 12943 વલસાડ » કાનપુર સેન્ટ્રલ ઉદ્યોગકર્મી એક્સપ્રેસઃ ભેસ્તાન સ્ટેશન પર સ્ટોપેજ સમય અગાઉ 22:53/22:55 હતો, જે સુધારીને હવે 22:53/22:58 કરવામાં આવ્યો છે.

SIR: બુથ લેવલ સુધી પહોંચીને દરેક મતદારને આવરી લેવા પ્રયાસ

સ્પેશિયલ રોલ ઓબ્ઝર્વર ઐશ્વર્યા સિંઘે સુરત સહિત દક્ષિણ ગુજરાતના એસ.આઈ.આર. કામગીરીની ઊંડાણપૂર્વક સમીક્ષા કરી

મતદાર યાદીની શુદ્ધતા અને પારદર્શકતા માટે સઘન કવાયત

સુરતઃ રાજ્યમાં ચાલી રહેલા મતદાર યાદી ખાસ સઘન સુધારણા કાર્યક્રમ (SIR) અંતર્ગત મતદાર યાદીની ચોકસાઈ, પારદર્શકતા અને સર્વસમાવેશીતા સુનિશ્ચિત કરવા માટે ભારતના ચૂંટણી પંચ દ્વારા નિયુક્ત સ્પેશ્યલ રોલ ઓબ્ઝર્વર ઐશ્વર્યા સિંઘ (IAS) દ્વારા સુરત જિલ્લામાં ચાલી રહેલી કામગીરીની વિસ્તૃત સમીક્ષા કરવામાં આવી હતી.

ભારત સરકારના જલશક્તિ મંત્રાલયના સંયુક્ત સચિવ તથા સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ)ના એમ.ડી. તરીકે સેવા આપતા સિંઘે સુરત સાથે સાથે નર્મદા, તાપી અને વલસાડ જિલ્લાના કલેક્ટરો સાથે વિડીયો કોન્ફરન્સ મારફતે પણ એસ.આઈ. આર. પ્રક્રિયાની વિગતવાર સમીક્ષા કરી હતી. સુરત જિલ્લા કલેક્ટર કચેરી ખાતે યોજાયેલી સમીક્ષા બેઠકમાં જિલ્લા ચૂંટણી અધિકારી તથા કલેક્ટર ડૉ. સૌરભ પારધીએ પાવર પોઇન્ટ પ્રેઝન્ટેશન મારફતે જિલ્લામાં ચાલી રહેલી મતદાર યાદી સઘન સુધારણા ઝુંબેશની પ્રગતિ અંગે વિગતવાર રજૂઆત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે જનજાતિ સમુદાય, આદિમ જૂથો, સ્થળાંતરિત શ્રમિકો, ઔદ્યોગિક વસાહતોમાં રહેતા શ્રમિકો તેમજ ડિમોલિશનના કારણે સ્થળાંતર થયેલા મતદારો સુધી પહોંચીને બુથ લેવલ ઓફિસર (BLO) મારફતે માહિતી પહોંચાડવામાં આવી છે. ઈન્યુમરેશન ફોર્મની વહેંચણી, ફોર્મ પરત મેળવવાની પ્રક્રિયા, નોટિસ બજવણી અને રોજબરોજ થતી મતદાર સુનાવણીઓ અંગે પણ રોલ ઓબ્ઝર્વરને માહિતી આપવામાં આવી હતી.

ગેરહાજર, મૃત્યુ અને સ્થળાંતરિત મતદારો અંગે પુરાવાની કડક ચકાસણી

સ્પેશ્યલ રોલ ઓબ્ઝર્વર ઐશ્વર્યા સિંઘે NO Mapping તથા નામ અને ઉમરમાં વિસંગતતા ધરાવતા મતદારો અંગે રજૂ થતા પુરાવા અને તેમના વેરિફિકેશનની પ્રક્રિયા અંગે વિગતે માહિતી મેળવી હતી. ASD (Absent, Shifted, Dead) યાદીમાં સમાવિષ્ટ મતદારોને નોટિસ આપ્યા બાદ સુનાવણી દરમિયાન ઉભી થતી સમસ્યાઓ અંગે ચર્ચા કરી, ચૂંટણી પંચની માર્ગદર્શિકા અનુસાર યોગ્ય ઉકેલ લાવવા માટે અધિકારીઓને માર્ગદર્શન આપ્યું હતું.

સમયમર્યાદામાં કામગીરી પૂર્ણ કરવા સ્પષ્ટ સૂચના

સમીક્ષા દરમિયાન ઉપસ્થિત અધિકારીઓ સાથે કામગીરી દરમિયાન આવતી વ્યવહારિક મુશ્કેલીઓ અને પ્રશ્નો અંગે ખુલ્લી ચર્ચા કરી, સિંઘે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે ભારતના ચૂંટણી પંચ અને મુખ્ય ચૂંટણી અધિકારી, ગુજરાત રાજ્ય તરફથી મળતી તમામ માર્ગદર્શક સૂચનાઓનું પાલન કરી, નિર્ધારિત સમયમર્યાદામાં કામગીરી પૂર્ણ કરવી અત્યંત આવશ્યક છે.

ઉધના રેલવે સ્ટેશન પર નવજીવન એક્સપ્રેસમાંથી 4.16 કિલો ગાંજા જપ્ત

સુરતઃ નવજીવન એક્સપ્રેસ ઉધના સ્ટેશન પર પહોંચતા જનરલ કોચમાંથી ઉતરી બહાર જઈ રહેલા એક શખ્સને શંકાસ્પદ હાલતમાં અટકાવવામાં આવ્યો હતો. તપાસ દરમિયાન તેના બેકપેક અને હાથમાં પકડી રાખેલી થેલીમાંથી કુલ 4.16 કિલો ગાંજા મળી આવ્યો હતો. આરોપી મીતુ હકર (રહે. ગંજામ જિલ્લો ઓડિશા)ની ધરપકડ કરવામાં આવી છે. સુરત રેલવે પોલીસ વધુ તપાસ હાથ ધરી છે.

સરથાણામાંથી 170 ગ્રામ એમડી સાથે રિક્ષા ચાલક ઝડપાયો

મૂળ રાજસ્થાનના બાંસવાડાનો માનસિંગ કુરવાડ ટ્રસ્ટના નામે ડ્રગ્સની હેરાફેરી કરતો હતો

સુરતઃ સરથાણા પોલીસે 170 ગ્રામ એમડી ડ્રગ્સ સાથે એક રિક્ષા ચાલકને ઝડપી લીધો હતો. ટ્રસ્ટ મારફતે ડ્રગ્સ વેચાણ કરવાની યુક્તિ અપનાવીને શહેરમાં સપ્લાય થતો હોવાનો ખુલાસો થયો છે, જેના પગલે પોલીસ હવે આંતરરાજ્ય ડ્રગ્સ નેટવર્કની કડીઓ જોડવા તપાસમાં ઝંપલાવી છે.

સરથાણા- સાવલિયા સર્કલ નજીકથી એક રિક્ષા ચાલકને ઝડપી લીધો હતો. તેની રિક્ષામાંથી અંદાજે 170 ગ્રામ એમડી ડ્રગ્સ મળી આવ્યું હતું. પકડાયેલા આરોપીની ઓળખ માનસિંગ પુરસિંગ કુરવાડ (ઉંમર 40) તરીકે થઈ છે. તે મૂળ રાજસ્થાનના બાંસવાડા જિલ્લાના ઘાટોલ તાલુકાના કુરવાડ ગામનો રહેવાસી હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે. હાલ તે સુરતમાં રહીને રિક્ષા ચલાવતો હતો અને આ આડમાં ડ્રગ્સ સપ્લાય કરતો હોવાનું ખુલ્યું છે. પોલીસ પૂછપરછ દરમિયાન આરોપીએ કબૂલાત કરી હતી કે તે એમડી ડ્રગ્સ ટ્રસ્ટના બહાને વેચાણ કરવા માટે લાવ્યો હતો, જેથી કોઈને શંકા ન જાય.

સચિનની ઈગલ સિલ્ક મિલમાંથી 1.88 લાખની ચોરી કરનાર ઝડપાયો

સુરતઃ સચિન GIDC વિસ્તારમાં આવેલી ઈગલ સિલ્ક મિલ પ્રા.લિ.માં રાત્રી દરમિયાન ઘરફોડ કરી 1.88 લાખ રૂપિયાની રોકડ ચોરી થઈ હતી. આ કેસમાં પોલીસે નેમેશભાઈ કાંતિલાલ પટેલ (રહે. મૂળ સુરત, હાલ સચીન)ની ધરપકડ કરી છે. તે રાત્રિના સમયે બંધ મિલોને ટારગેટ કરતો હતો. તેની સામે અગાઉ નોંધાયેલા ગુનાની તપાસ સચીન પોલીસ કરી રહી છે.

ક્રેડિટ કાર્ડના બિલ ભરવા વૃદ્ધોને નિશાન બનાવતી ટોળકી ઝડપાઈ

તામિલનાડુના સિનિયર સિટિઝન સાથે 'RTO Challan' ના નામે લાખોની છેતરપિંડી કરનારા ૧૦ને દબોચી લેવાયા

સુરતઃ મોબાઈલ ફોનમાં "RTO CHALLAN" નામની શંકાસ્પદ લિંક (APK ફાઈલ) મોકલી ફોન હેક કરીને બેંક ખાતા સાફ કરી જતી આંતરરાજ્ય ગેંગનો સુરત ક્રાઈમ બ્રાન્ચે પર્દાફાશ કર્યો છે. આ MOથી તામિલનાડુના કોઇમ્બતુરના એક વરિષ્ઠ નાગરિકનો મોબાઈલ હેક કરી રૂ.૧૬.૪૯ લાખ સેરવી લેવાના ગુનામાં સુરત પોલીસે ૧૦ આરોપીની ધરપકડ કરી છે. આ પૈસાથી ટોળકીએ ક્રેડિટ કાર્ડના નાણાં ભરપાઈ કર્યા હતા.

કોઇમ્બતુરના એક નિવૃત્ત સિનીયર સિટિઝનને ગત ૯ સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ અજાણ્યા નંબરેથી RTO ચલણના નામે એક ફાઈલ મોકલવામાં આવી હતી. આ ફાઈલ ડાઉનલોડ કરતા જ તેમનો ફોન હેક થઈ ગયો હતો અને ઠગોએ તેમની ઇન્ડસઇન્ડ બેંકની એફ.ડી. (FD)માંથી કુલ રૂ. ૧૬,૪૯,૯૬૧/- વિવિધ ક્રેડિટ કાર્ડ મારફતે ટ્રાન્સફર કરી લીધા હતા. આ અંગે કોઇમ્બતુર સાયબર ક્રાઈમ પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી. સુરત ક્રાઈમ બ્રાન્ચના મોબાઈલ સ્નેચિંગ સ્કોડને ટેક્નિકલ સર્વેલન્સ દરમિયાન માહિતી મળી હતી કે આ ગુનાના તાર સુરત સાથે જોડાયેલા છે. તપાસ દરમિયાન અમરોલીના અભિષેક રેસીડેન્સીમાં રહેતા રજની ભાલડીયા અને સીમાડા ગામના વિશ્વાસ રાદડીયાની ભૂમિકા શંકાસ્પદ જણાતા તેમની પૂછપરછ કરવામાં આવી હતી. જે બાદ આ આખી ગેંગનો ભાંડો ફૂટ્યો હતો.

પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે પકડાયેલા આરોપીઓ મોજશોખ પૂરા કરવા માટે દ્થી ૭ લાખની લિમિટવાળા ક્રેડિટ કાર્ડ રાખતા હતા. આ કાર્ડના નાણાં ભરવા માટે રકમ ન હોવાથી, તેઓએ માત્ર ૨ % કમિશનની લાલચમાં મુખ્ય સાગરીતો સાથે મળીને પોતાના ક્રેડિટ કાર્ડમાં છેતરપિંડીના નાણાં ટ્રાન્સફર કરાવ્યા હતા. પોલીસે આ ગુનામાં કુલ ૧૦ શખ્સને દબોચી લીધા છે. પોલીસે આ તમામ આરોપીઓને કોઇમ્બતુર પોલીસને સુપ્રત કર્યા છે. કોર્ટ દ્વારા આરોપીઓના 4 દિવસના ટ્રાન્ઝિટ રિમાન્ડ મંજૂર કરવામાં આવ્યા છે.

ટોળકી સિનિયર સિટિઝન્સને આરટીઓ APK મોકલી ટાર્ગેટ કરતા

આરોપીઓ સીનિયર સિટિઝન્સને "RTO CHALLAN" નામની એક જોખમી APK ફાઇલ મોકલતા હતા. ખાસ કરીને નિવૃત્ત જીવન જીવતા વૃદ્ધોને ટાર્ગેટ કરવામાં આવતા હતા, કારણ કે તેઓ ટેક્નોલોજીથી વધુ વાકેફ હોતા નથી. જેવી વ્યક્તિ આ ફાઇલ પર ક્લિક કરે, કે તરત જ તેમનો આખો મોબાઈલ ફોન હેક થઈ જતો અને તમામ વિગતો આરોપીઓ પાસે પહોંચી જતી હતી.

2 ટકા કમિશનની લાલચ આપતા

ક્રાઈમ બ્રાન્ચના એસીપી કિરણ મોદીના જણાવ્યા અનુસાર, આરોપીઓ પોતાના સાગરીતોને ક્રેડિટ કાર્ડમાં નાણાં ટ્રાન્સફર કરાવવા માટે 2% કમિશનની લાલચ આપતા હતા. આ રીતે મેળવેલા નાણાંથી તેઓ પોતાના ક્રેડિટ કાર્ડના બાકી લેણાં ચૂકવતા અને લક્ઝરી લાઈફસ્ટાઈલ જાળવી રાખતા હતા. પકડાયેલા 10 આરોપીઓમાં રજની ભાલડીયા, વિશ્વાસ રાદડીયા અને સાવન રાદડીયા જેઓ અમરોલી, વરાછા અને ઉધના જેવા વિસ્તારોમાં રહીને આ નેટવર્ક ચલાવતા હતા. આ આરોપીઓ એટલી ચાલાકીથી કામ કરતા હતા કે ક્રેડિટ કાર્ડના બિલો ભરવા માટે તેઓ દર વખતે નવા ટાર્ગેટ શોધતા હતા.

અમરોલી, ઉધના અને વરાછાના 10 ઝડપાયા

(૧) રજનીભાઈ તલસીભાઈ ભાડલીયા ઉ.વ.૩૭ રહે.અભિષેક રેસીડેન્સી, વર્ણીરાજ રેસીડેન્સી, કોસાડ, અમરોલી, સુરત (૨) વિશ્વાસભાઈ હિમતભાઈ રાદડીયા ઉ.વ.૩૬ રહે.સૂર્યોદય રોહાઉસ, સણીયારોડ, સીમાડાગામ (૩) સાવન હિમતભાઈ રાદડીયા ઉ.વ.૩૪ રહે.સૂર્યોદય રોહાઉસ, સણીયારોડ, સીમાડાગામ (૪) વિજય દયાલભાઈ ગોહિલ ઉ.વ.૩૭ રહે. અભિનંદન રેસીડેન્સી, ઉતરાણગામ, અમરોલી ચોરાસી (૫) જીતેન્દ્રસિંઘ શ્રાવનસિંઘ રાઠોડ ઉ.વ.૨૬ રહે.બીજો માળ, લંબે હનુમાનરોડ, સીતારામનગર સોસાયટી (૬) મહેન્દ્રસિંઘ દગેસિંઘ ગીરાસે ઉ.વ.૩૫ રહે.૨૫૬, વિનાયકનગર, ગલી નંબર ૦૬, ઉધના, હાલ રહે.સૂર્યોદય રોહાઉસ, સણીયારોડ, સીમાડાગામ, (૭) મીરલ મનોજભાઇ ચોવટીયા ઉ.વ.૨૨ રહે. વ્રજવીલા, વ્રજચોક, નાના વરાછા (૮) કપીલ રાજુભાઇ ઘોદરે ઉ.વ.૩૬ રહે. આંગણ રેસીડેન્સી, સી.આર.પાટીલ એસ્ટેટની પાસે, ડીંડોલી, (૯) મીત મનોજભાઇ ચોવટીયા ઉ.વ.૨૫ રહે. વ્રજવીલા, વ્રજચોક સરથાણા જકાતનાકા (૧૦) ચંદન જયનાથ પાલ ઉ.વ.૩૪ રહે.હરસિદ્ધિ નગર, કૈલાશનગર ચોકડી પાસે, પાંડેસરા

૫૦ પરિવાર સાથે સરકારી આવાસના નામે છેતરપિંડી

ગુજરાત હાઉસિંગ બોર્ડના સિક્કા-સહીવાળા બોગસ લેટર આપી પાંડેસરાનો ઠગ ૬૦ લાખ લઇને ફરાર

સુરતઃ સરકારી યોજનાઓનો આશરો લઈને ગરીબ અને મહેનતકશ લોકોની મહેનતની કમાણી લૂંટવાનો ચોંકાવનારો કિસ્સો સુરતમાં સામે આવ્યો છે. પ્રધાનમંત્રી આવાસ યોજના, મુખ્યમંત્રી આવાસ યોજના અને પંડિત દિનદયાળ નગરમાં ડ્રો વગર મકાન તથા દુકાન અપાવવાની લાલચ આપી એક યુવકે ૫૦ લોકો પાસેથી રૂા. ૬૦.૨૧ લાખ પડાવી ફરાર થઈ ગયો છે.

પાલનપુર જકાતનાકા પાસે રામજી મંદિર નજીક સંત તુકારામ સોસાયટીમાં રહેતા નૈનેશભાઈ વિનોદભાઈ ચોટલીયા વર્ષ ૨૦૨૪ દરમિયાન પાંડેસરાના મયંક મિશ્રાના સંપર્કમાં આવ્યા હતા. આ સંજય મિશ્રાએ તે સરકારી આવાસ યોજના સાથે જોડાયેલો છે અને ડ્રો વગર જ સરકારી આવાસ અને દુકાનો ફાળવે છે. જેથી નૈનેશભાઈએ મકાન લેવાની તૈયારી બતાવી હતી. શરુઆતમાં તેમણે ડિમાન્ડ ડ્રાફ્ટ ભરવાના બહાને પહેલો હપતો લીધો હતો. તેની સામે તેણે એસબીઆઈના સિક્કાવાળા સિક્યુરિટી ચેક આપ્યા હતા જેથી તેમને વિશ્વાસ વધી ગયો હતો. એટલું જ નહીં તેણે સુરત મહાનગરપાલિકા અને ગુજરાત હાઉસિંગ બોર્ડના સહી-સિક્કા સાથેના બોગસ લેટર પણ આપ્યા હતા. આ લેટરો જોઈને તેમણે બીજા અને ત્રીજા હપતાના રૂપિયા પણ આપી દીધા હતાં. ચીટરે તેમની પાસેથી કુલ રૂપિયા ૧.૪૦ લાખ લીધા હતાં. ત્યાર બાદ મકાન કે દુકાન નહીં મળતા તેમણે પૂછપરછ કરી હતી ત્યારે તે ગોળગોળ જવાબ આપતો હતો. ત્યારબાદ અચાનક જ તેણે ફોન બંધ કરી દીધો હતો અને ગાયબ થઈ ગયો હતો. તેમણે એલોટમેન્ટ લેટરની તપાસ કરતાં તે બોગસ નીકળ્યો હતો. તેમણે વધુ તપાસ કરતા માત્ર તેમની સાથે નહીં અન્ય ૪૯ લોકો પાસેથી રૂા. ૫૮.૮૧ લાખ પડાવ્યા હોવાનું જાણવા મળ્યું હતું. જેથી ઠગાઈનો ભોગ બનેલા તમામ ૫૦ લોકોએ રાંદેર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

VNSGUનો ૫૮મો પદવીદાન સમારોહ ફેબ્રુઆરીમાં યોજાશે

આગલા પદવીદાન સમારોહની ૬૧ ડિગ્રી પરત આવી

સુરતઃ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી (VNSGU) દ્વારા આગામી ફેબ્રુઆરી મહિનામાં તેનો ૫૮મો પદવીદાન સમારોહ ભવ્ય રીતે યોજવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સમારોહમાં યુનિવર્સિટીની વિવિધ ફેકલ્ટીના કુલ ૩૧ વિદ્યાર્થીઓને તેમના ઉત્તમ શૈક્ષણિક પ્રદર્શન બદલ ગોલ્ડ મેડલ એનાયત કરવામાં આવશે.

યુનિવર્સિટીએ આ પદવીદાન સમારોહ માટેની ગોલ્ડ મેડલ વિજેતાઓની પ્રોવિઝનલ યાદી જાહેર કરી દીધી છે. આ યાદીમાં વિવિધ ફેકલ્ટીના મેધાવી વિદ્યાર્થીઓના નામ સામેલ છે, જેમણે વર્ષ દરમિયાન શૈક્ષણિક ક્ષેત્રે અસાધારણ પ્રદર્શન કર્યું છે. રજિસ્ટ્રેશનની અંતિમ તારીખ પૂર્ણ થતાંની સાથે જ યુનિવર્સિટીએ આ સમારોહની તૈયારીઓ શરૂ કરી દીધી છે. આ તૈયારીઓ અંતર્ગત ગોલ્ડ મેડલની પ્રોવિઝનલ યાદી જાહેર કરવામાં આવી છે અને અન્ય વ્યવસ્થાઓ પણ ઝડપથી પૂર્ણ કરવામાં આવી રહી છે. આ પહેલાં ઓગસ્ટ ૨૦૨૫માં યોજાયેલા ૫૭મા પદવીદાન સમારોહ બાદ ડિગ્રી વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો. જે વિદ્યાર્થીઓ સમારોહમાં ડિગ્રી લેવા આવ્યા ન હતા તેમને પોસ્ટ દ્વારા ડિગ્રી મોકલવામાં આવી હતી. જોકે, ખોટા સરનામા તેમજ અન્ય તકનીકી કારણોસર કુલ ૬૧ વિદ્યાર્થીઓની ડિગ્રીઓ પરત આવી છે.

અનુસંધાન... પાના છેલ્લાનું

કીમ-દહેગામના...

કામગીરી બાકી છે. જેને લઈને રોડ ખુલ્લો મૂકવામાં થોડો સમય લાગશે એમ લાગે છે. જો કે, દહેગામથી કીમ તરફ જતાં નાનાં વાહનો ચાલુ કરવામાં આવે એમ માહિતી મળી રહી છે. જેને લઈ કીમ રોડ ખુલ્લો મુકાય તો એક્સપ્રેસ-વેમાં રોજબરોજ નાનકડાં વાહનો મોટી સંખ્યામાં દોડતાં થઈ જાય એમ છે.

વાંસદામાં તરૂણી...

ભગરિયા (ઉ.વ.20) તમામ (રહે. બારતાડ (ખાનપુર) તા.વાંસદા, જિ.નવસારી), નિખિલ સુરેશભાઈ ચૌધરી (ઉ.વ.20 રહે. મીયાઝરી બારી ફળિયું તા. ચીખલી જિ. નવસારી), ઉદય મનોજભાઈ ભોયા (ઉ.વ. 20) (રહે. પીપલખેડ, તા. વાંસદા, જિ. નવસારી), આકાશ વિપુલભાઈ દેશમુખ (ઉ.વ.19) (રહે. ખાનપુર પીલાડ ફળિયું, તા.વાંસદા જિ.નવસારી) અને એક 16 વર્ષના તરુણની અટક કરી હતી. ઉપરોક્ત આરોપીઓમાંથી સગીર સિવાય તમામને આહવા કોર્ટમાં રજૂ કરતા કોર્ટે 7 દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. તમામ આરોપીઓ માત્ર 26 વર્ષની અંદરના હોય કોઈપણ અભ્યાસ સાથે સંકળાયેલા હોય એવું જાણવા મળ્યું ન હતું. તમામ માત્ર છૂટક મજૂરી ક